# ભાવનગર મહાનગરપાલિકા

## ચીફ ઓડિટર કચેરી

ઓડિટ/ચી.ઓ./જા.નં. ૨૦૮ /૨૦૨૪–૨૫ તા. ૧૨/૦૯/૨૦૨૪

**વિષય :–** સબ ઓડિટર તરીકે નિમણુંક આપવા બાબત...

**સંદર્ભ :–**
(૧) મે.સ્ટે.ક.ઠ.નં. ૮૯૦ તા. ૨૭/૦૩/૨૦૨૩
(૨) સબ ઓડિટરની જગ્યા ભરવા માટે નિયુકત થયેલ પસંદગી સમીતીનો અહેવાલ
(૩) ક્રમાંક/મહેકમ/૬/૬૮ તા. ૦૭/૦૮/૨૦૨૪
(૪) મે.સ્ટે.ક.ઠ.નં. ૨૬૯ તા. ૨૯/૦૮/૨૦૨૪

ભાવનગર મહાનગરપાલિકાના ઓડિટ વિભાગ માં " **સબ ઓડિટર** " સંવર્ગની જગ્ય સીધી ભરતીથી ભરવા અંગેની તમામ કાર્યવાહી કરવા માન.કમિશ્નરશ્રી, ભાવનગર મહાનગરપાલિકાને સંદર્ભ (૧) ના ઠરાવ થી અધિકૃત કરવા ઠરાવેલ હતું જે અન્વયે આ જગ્યાની સીધી ભરતી કરવા માટે તા. ૨૨/૧૦/૨૦૨૩ ના રોજ લેખીત પરીક્ષા લેવામાં આવેલ જે અન્વયે સંદર્ભ (૨) ના પસંદગી સમિતિના અહેવાલ અનુસાર ભાવનગર મહાનગરપાલિકામાં ઓડિટ વિભાગ માં સબ ઓડિટર ની જગ્યા ઉપર નિમણુંક આપવા માટે સંદર્ભ (૩) થી માન.કમિશ્નરશ્રીએ માન.ચેરમેનશ્રી, સ્ટેડીંગ કમિટિને દરખાસ્ત મોકલતા સંદર્ભ (૪) થી સ્ટેડીંગ કમિટિ એ ઠરાવ્યા મુજબ આવેલ દરખાસ્ત તથા મેરીટ લીસ્ટની વિગતે ભાવનગર મહાનગરપાલિકાના ઓડિટ વિભાગમાં લીયન અને ફરજ રાખી " સબ ઓડિટર " તરીકે સરકારશ્રીના નિયમો મુજબ પ્રથમ પાંચ વર્ષ સુધી રૂા. ૨૬,૦૦૦/– ના ફિકસ પગાર ઉપર હાજર થાય તે તારીખથી પ્રથમ ૫ (પાંચ) વર્ષ નિમણુંક આપવા હૂકમ કરવામાં આવે છે.

| ક્રમ | મેરીટ ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની કેટેટરી | ઉમેદવારની નિમણુંકની કેટેટરી | લીયનનો તથા ફરજનો વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | શ્રી વિશાલ અરજણભાઈ રાઠોડ | અનુસુચિત જાતી | બિન અનામત | ઓડિટ |

સબંધિત સર્વોએ તેનો અમલ કરવો.

**" મે.સ્ટેડીંગ કમિટિની આજ્ઞાનુસાર"**

**નકલ સવિનય જાણ થવા સારૂ :–**

(૧) માન.ચેરમેનશ્રી, સ્ટેડીંગ કમિટિ, મ.ન.પા., ભાવનગર
(૨) માન.કમિશ્નરશ્રી , મ.ન.પા., ભાવનગર

કોમ્પ્યુટર વિભાગ
ઈન્વર્ડ નંબર. ૧૫૭૭
તા. ૧૨/૦૯/૨૪

# ભાવનગર મહાનગરપાલિકા

## ચીફ ઓડિટર કચેરી

(૩) સચિવશ્રી, મ.ન.પા., ભાવનગર

નકલ જાણ તથા અમલ થવા સારૂ :–

(૧) શ્રી વિશાલ અરજણભાઈ રાઠોડ
મફતનગર, બુધેલ રોડ
સીદસર, ભાવનગર

(૨) ચીફ એકાઉન્ટસ ઓફિસરશ્રી
મ.ન.પા., ભાવનગર

(૩) ઈ.ડી.પી.મેનેજરશ્રી
કોમ્પ્યુટર વિભાગ , મ.ન.પા., ભાવનગર (મ.ન.પા.ની વેબ સાઈટ ઉપર મુકવા સારૂ)

(૪) સબંધિત પ્રકરણ ફાઈલે

૧૨/૧/૨૫

ચીફ ઓડીટર
મહાનગરપાલીકા
ભાવનગર

# ભાવનગર મહાનગરપાલિકા

## ચીફ ઓડિટર કચેરી

**-:: શ ર તો ::-**

(૧) આ હૂકમ મળ્યેથી દિવસ–૧૫ માં ઓડિટ વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહશે. જો નિયત સમયમાં ફરજ પર હાજર નહી થાવ તો આ હૂકમ આપોઆપ રદ થશે. તે અંગે કોઈ નોટીસ કે પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

(૨) હાજર થવાના સમયે હાલ જયાં ફરજ બજાવો છો તે સંસ્થા દ્વારા રજીનામું મંજૂર થયાનો આધાર રજૂ કરવાનો રહેશે.

(૩) આ નિમણુંક ઉમેદવારની સેવાની શરતો સબંધમાં ભાવનગર મહાનગરપાલિકા, ભાવનગર વખતો વખત જે નિર્ણયો કે નિતિ નકકી કરે તે બંધનકર્તા રહેશે.

(૪) ભાવનગર મહાનગરપાલિકાની સેવા અન્ય મહાનગરપાલિકામાં બદલીને પાત્ર નથી. આથી આ નિમણુંક પામેલ કર્મચારીની અન્ય મહાનગરપાલિકામાં કે સરકાશ્રીના અન્ય વિભાગોમાં બદલી થઈ શકશે નહી તેમજ પ્રતિનિયુકિતની માંગણીઓ પણ કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી આ શરત તમોને બંધનકર્તા રહેશે. આમ છતા આપના દ્વારા આવી બદલી કેપ્રતિનિયુકિતની માંગણી કર્યેથી આપની વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહિ કરવામાં આવશે.

(૫) જન્મ તારીખ અંગે સ્કુલ લીવીંગ સર્ટીફિકેટ તેમજ શૈક્ષણિક લાયકાત અંગેના તમામ પ્રમાણ પત્રની ખરી નકલ ફરજ પર હાજર થતા સમયે રજૂ કરવાના રહેશે.

(૬) અત્રેની સુચના મુજબ સર તખ્તસિંહજી હોસ્પીટલ / સરકારી દવાખાનાનું શારીરીક ફીટનેશ પ્રમાણપત્ર ફરજ પર હાજર થયેથી છ માસમાં રજૂ કરવાનું રહેશે. ફીટનેસ અંગેનું પ્રમાણપત્ર ઉપલબ્ધ ન થયેથી નિમણુંક આપોઆપ રદ ગણાશે.

(૭) ફરજ પર હાજર થયેથી સર્વિસ બુક રજૂ કરવાની રહેશે.

(૮) ભાવનગર મહાનગરપલિકાના તા.૨૫/૭/૧૧ ના હૂકમ મુજબ વર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

(૯) ફરજ પર હાજર થતા સમયે બે રાજયપત્રિત અધિકારીશ્રીઓના ચાલ ચલગત અંગે ચારિત્ર્યના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

(૧૦) જે જગ્યા પર નિમણુંક કરવામાં આવે છે, તે જગ્યા અંગે નિમણુંકી અધિકારી દ્વારા જે ફરજો અને જવાબદારીઓ નકકી થયેલ છે તે મુજબ તથા વખતો વખત તેમા જે ફેરફારો કરવામાં આવે તે મુજબ ફરજ બજાવવાની રહેશે.

(૧૧) નોકરી છોડવા / રાજીનામું આપવા બાબતે ૩૦ દીવસ અગાઉ જાણ કરવાની રહેશે અથવા ૧ માસનો નોટીસ પગાર તથા ચીફ ઓડિટરશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેટલી બોન્ડની રકમ ભરપાઈ કરવાની રહેશે.

(૧૨) ફીકસ પગારી સમય દરમ્યાનની સેવાની સક્ષમ અધિકારીને સંતોષકારક નહી જણાય તો કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી નોકરીનો અંત લાવવામાં આવશે.

(૧૩) આ ભરતી માટે ફાઈનલ થયેલ મેરીટ યાદીમાં દર્શાવેલ મેરીટ ક્રમ મુજબ સીનીયોરીટી ક્રમ જાળવવાનો રહેશે. આ હૂકમ અન્વયે ફરજ પર હાજર થયેથી ઉપરોકત તમામ શરતો કબુલ મંજૂર છે, તેમ માનવામાં આવશે.

(૧૪) નિમણુંક થયેલ ઉમેદવારે ચીફ ઓડિટરશ્રી દ્વારા ઠરાવવામાં આવે તેવું તથા તેટલી રકમનું બોન્ડ ભરવાનું રહેશે. નિમણુંક થયેલ ઉમેદવારનેનિમણુંક વાળી જગ્યા ઉપર હાજર થયેથી આ શરત બંધનકર્તા રહેશે.

# ભાવનગર મહાનગરપાલિકા

## ચીફ ઓડિટર કચેરી

(૧૫) કોમ્પ્યુટર કૌશલ્યના તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની જોગવાઈ મુજબ ભાવનગર મહાનગરપાલિકાની સેવામાં દાખલ થયા બાદ સરકારશ્રીના અભ્યાસક્રમ મુજબની સી.સી.સી.પરીક્ષા સરકાર દ્વારા માન્ય કેન્દ્ર દ્વારા લેવાય તેમાં ઉપસ્થિત રહીને પસાર કરવાની રહેશે. અરજી સમયે રજૂ કરેલ સી.સી.સી. સર્ટીફીકેટ સરકારી નોકરમાં દાખલ થવા માટેની આ લાયકાત એક પૂર્વ લાયકાત છે. જેથી પસંદગી યાદી બાદ સરકારશ્રીની ખાતાકીય તાલીમ ભાગરૂપે ફીકસ પગાર સમય દરમ્યાન સરકારે ઠરાવેલી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો–૨૦૦૬ ની સી.સી.સી.ની સરકાશ્રીના પરીક્ષા કેન્દ્ર દ્વારા લેવાતી પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે.

(૧૬) ઉમેદવારશ્રીએ કાર્યમથક પરના રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીશ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહી.

(૧૭) ઉમેદવારશ્રીએ કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજર રહી ફરજ બજાવવાની રહેશે તેમજ અન્યત્ર પાર્ટ ટાઈમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દીવસોએ પણ સરકારી / કચેરીની કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકિય પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકશે નહી.

(૧૮) ઉમેદવારશ્રીએ શાખા / કચેરીના તરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી અન્ય ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૧૯) ઉમેદવારશ્રીએ ફીકસ પગારની સેવાના સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીને મોકલાવેલ મૂલ્યાંકન અહેવાલના સબંધમાં સક્ષમ અધિકારીને કામગીરી સંતોષ કારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ જાતની નોટીસ અપ્યા વગર તાત્કાલિક અસરથી સેવાનો અંત લાવવામાં આવશે.

(૨૦) ઉમેદવારશ્રીએ ગુજરાત રાજય સેવા (વર્તણુંક) નિયમો–૧૯૭૧ થી વર્તણુંક અંગેના નિયમો નિયત કરવામાં આવેલા છે તે તેમજ ધી જી.પી.એમ.સી.એકટની જોગવાઈ મુજબ વર્તણુંક કરે તે અપેક્ષિત છે.

૯/૧૨૫

ચીફ ઓડિટર
મહાનગરપાલિકા
ભાવનગર.